રે.દિ.મુ.નં.૨૪/૨૦૧૭ નાં કામે આંક–૫ ની અરજી લગત હુકમ :–

વાદી તરફે વિ.વકીલશ્રી ટી.આર.સોની
પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી પી.ડી.ભાટીયા

(૧) આ કામના વાદીએ પ્રતિવાદીઓ સામે જાહેરાત તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો દાવો લાવી, હાલની આ આંકઃ ૫ ની અરજ સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ (૧)(૨) તથા કલમ ૧૫૧ મુજબ કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે આપેલ છે.

(૨) આ કામના વાદીની મનાઇ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે કારઠ, તા.ઝાલોદ મુકામે રે.સ.નં.૭૮૭ પૈકી ૨ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૨–૪૨–૦૦ વાળી જમીન મનાઇ અરજીના પેરા–૧ માં દર્શાવેલ ખુંટવર્ણનવાળી આવેલ છે જે જમીન પ્રતિવાદીઓ તથા તેમના વડવાઓએ આશરે ૩૨ વર્ષ અગાઉ મોંઢાના કરારથી વાદીને આપેલ અને તે જમીન અંગેનો કેસ વાદીએ એલ.એન.ડી.૮ માં કરતાં તે નાય બ કલેકટર સાહેબ સમક્ષ ચાલી જતાં તા.૧૮/૧૨/૧૯૮૬ ના રોજ વાદીના લાભમાં હુકમ થતાં તે આધારે દાવાવાળી જમીનના રેવન્યુ દફતરે નોંધ નં.૩૧૫૪ પડેલ અને તે આધારે દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે ૭/૧૨, ૮/અ માં વાદીનુ નામ દાખલ થયેલ અને હાલમાં પણ વાદીનુ નામ ચાલે છે અને તેમાં કબજો ભોગવટો ધરાવી વાદી ખેતી કરતા આવેલ છે અને તમામ વેરાઓ પણ વાદી ભરતા આવેલ છે. જે જમીન પ્રતિવાદીઓ બળજબરી થી પડાવી લેવા માંગતા હોય તા.૧૨/૭/૨૦૧૭ ના રોજ પ્ર તિવાદીઓએ એકસંપ થઇ હાથમાં હથિયારો ધારણ કરી દોડી આવી ઝઘડો તકરાર કરી નઠારી ગાળો બોલી જાનથી મારી નાંખવાની અને જમીન નહી ખેડવા અંગે ધમકીઓ આપેલ હોય જેથી પ્રતિવાદીઓને અટકાવવા અને દાવાવાળી જમીનમાં આવેલ પોતાના હકક અધિકારનુ રક્ષણ કરવા માટે દાવો કરી મનાઇ હુકમની અરજી આપેલ છે અને દાવાના આખરી નિકાલ સુધી આ કામના પ્રતિવાદીઓની વિરુધ્ધ કામચલાઉ મનાઇ હુકમ અપાવવા માંગણી કરેલ છે.

(૩) સદરહુ મનાઈ અરજી સંદર્ભે આ કામના પ્રતિવાદીઓને ધારાસર નોટિસ બજતાં પ્ર તિવાદીઓ તેઓના વિ.વકીલશ્રી પી.ડી.ભાટીયા મારફતે નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને વાદીની આ અરજીનો આંકઃ ૧૧ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીની આ અરજીની હકીકતોનો મહદઅંશે ઇન્કાર કરેલ છે અને ખરી હકીકતે જણાવે છે કે, મોજે કારઠના જુના રે.સ.નં.૭૪૩ હે.૦૪.૦૭.૭૨ વાળી જમીન પ્રતિવાદી નં.૧ તથા ૩/૧,૩/૨ ના પિતાની માલીકીની આવેલ, આ જમીન પ્રતિવાદીઓએ સને ૧૯૭૭ માં ખુમાન વિરાભાઇ સંગાડાને ખેતી કરવા માટે ગીરવે આપેલ અને તે ગીરવેની નોંધ નં.૩૦૭૦ ની રેવન્યુ રેકર્ડે પડતાં અને ખુમાન વિરા સંગાડા પાસેથી જમીન પરત છોડાવી લેતાં બોજાની નોંધની નકલો લઇ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૩/૧,૩/૨ ના પિતા વાદીના પતિ વિરસીગભાઇ

કાળુભાઇ નિનામા જેતે વખતે મામલતદાર કચેરીમાં નાય બ મામલતદાર તરીકે નોકરી કરતાં હોઇ બોજાની નોંધ કમી કરાવવા તથા સલાહ લેવા માટે વાદીના પતિ પાસે ગયેલા અને વાદીના પતિ તેમના નજીકના પાડોશી અને ગામના હોવાથી પ્રતિવાદીઓને બોજાની નોંધ કમી કરી આપવા માટે કાગળો કરવા પડશે તેમ કહી અમો પ્રતિવાદીઓની કોરા કાગળો ઉપર સહીઓ/અંગુઠા લીધેલ તેમ કરી પ્રતિવાદીઓ સાથે દગો ફટકો કરી સદરહુ દાવાવાળી જમીનમાં તેમના પત્ની હાલના વાદીના નામે કરવા એલ.એન.ડી.૮ દાહોદ ખાતે ખોટા કાગળો ઉભા કરી તેમના જ ખાતાના ઉપલા અધિકારીઓ સાથે મળી ખોટી રીતે વાદીએ દાવાવાળી જમીન પોતાના નામે કરાવી દીધેલ અને પ્રતિવાદીઓ આદિવાસી ગરીબ અને છેવાડાના ગામડાના અભણ માણસો હોવાથી આ બાબતની જાણ શુધ્ધા થવા દીધેલ નહી અને બારોબાર રેવન્યુ રેકર્ડે વાદીએ પોતાનુ નામ દાખલ કરાવી દીધેલ છે. વધુમાં જણાવે છે કે દાવાવાળી જમીન બાપ–દાદાના વખતથી ખેતી કરી પાક ઉપજ લેતાં આવેલ છે અને કાચા–પાકા મકાનો, ઝાડો તથા કુવો વિગેરે આવેલ છે પરંતુ એકમાત્ર રેવન્યુ રેકર્ડે વાદીનું નામ ચાલતુ હોય તેનો ગેરલાભ લેવા પ્રતિવાદીઓના કબજાની જમીન પડાવી લેવાના મલીન ઇરાદાથી હાલનો દાવો દાખલ કરી વાદી ધ્વારા હાલની આ ખોટી અરજી લાવેલ છે જે ખર્ચ સહ રદ્દ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે વાદી તરફે વિ.વકીલશ્રી ટી.આર.સોનીની તથા પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી પી.ડી.ભાટીયાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કામે પક્ષકારોની દલીલો અને કેસના સંજોગો ધ્યાને લેતાં હાલની આ અરજી ના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદભવે છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે તેમની તરફેણમા પ્રથમદર્શનીય કેસ છે ?
૨. શું વાદી પુરવાર કરે છે ન્યાયની સમતુલા સગવડતા અગવડતાની તુલા તેમની તરફેણમાં છે?
૩. શું વાદી પુરવાર કરે છે કે મજકુર અરજી મંજુર કરવામા ન આવે તો તેમને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ અપરિહાર્ય નુકશાન થાય તેમ છે?
૪. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.
૨. હકારમાં.
૩. હકારમાં.
૪. આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

મુદ્દા નં.૧ થી ૩ :–

(૭) આ કામે ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજાને સંલગ્ન હોય પુનરાવર્તન ન થાય તે હેતુસર તમામ મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૮) ઉભય પક્ષોની દલીલો જોતાં તેમજ કાયદાના સ્થાપિત સિધ્ધાંતો જોતાં વચગાળાની મનાઈહુકમ મેળવવાના તબકકે વાદીએ જયારે મનાઈહુકમ મેળવવા માટે દાદ માંગેલ હોય ત્યારે પ્રાયમાફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરરીપેબલ લોસ હોય અને તે અદાલતને સંતોષ થાય તે રીતે સોંગદનામાંથી અગર તો અન્ય રીતે દસ્તાવેજી પુરાવાઓ દવારા ત્રણે તત્વો અસ્તિત્વ તેમની તરફેણમા હોવાનુ અદાલતને સંતોષ થાય તેમ બતાવી શકે તો વચગાળાના તબકકે મનાઈહુકમ આપી શકાય અને તેમાંથી જો કોઈપણ એક તત્વ પણ હાજર ન હોય તો મનાઈહુકમ આપી શકાય નહી તેમ આ અદાલત માને છે.

(૯) સદરહું કામે બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં તેમજ સદરહું કેસનુ રેકર્ડ જોતાં સદરહું કામે દાવાવાળી તકરારી રે.સ.નં.૭૮૭/પૈકી ૨ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૨.૪૨.૦૦ વાળી જમીન આવેલ છે જેનો જુનો સર્વે નં.૭૪૩ હતો તે જમીન આ કામના પ્રતિવાદી તથા તેમના વડવાઓએ આશરે ૩૨ વર્ષ અગાઉ મોંઢાના કરારથી આપેલ અને ત્યારથી તેનો વાદી પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવી તેમાં ખેતી કરતા આવેલ છે. વધુમાં જણાવે છે કે સદરહુ જમીન મોંઢા ના કરારથી રાખેલ હોય અને તે અંગે વાદીએ એલ.એન.ડી.૮ માં કેસ કરેલ જે કેસ મે.નાય બ કલેકટર સાહેબ,દાહોદ સમક્ષ ચાલી જતાં સદરહુ કેસના કામે જમીન વેચાણ આપનાર તરીકે પ્રતિવાદી નં.૧,૩ નાનો તથા જમીન વેચાણ લેનાર તરીકે વાદીનો જવાબ લીધેલ જે આ કામે નિ.૩/૬ તથા નિ.૩/૭ થી રજુ છે તે ધ્યાને લેતાં પ્રતિવાદી નં.૧ તથા ૩ નાએ વાદીને મોંઢા ના કરારથી સદરહુ જમીન વેચાણ આપેલાનુ જણાય છે અને સદરહુ કેસ એલ.એન.ડી.૮માં ચાલી જતાં તા.૧૮/૧૨/૧૯૮૬ ના રોજ વાદીના લાભમાં હુકમ કરેલ જે હુકમ આ કામે નિ.૩/૮ થી રજુ છે. સદરહુ હુકમ આધારે દાવાવાળી જમીનના ગામ દફતરે નોંધ નં.૩૧૫૪ પડેલ જે નોંધ આ કામે નિ.૩/૧૦ થી રજુ છે. સદરહું નોંધ આધારે ગામ નમુના નં.૭/૧૨, ૮/અ માં વાદીનુ નામ દાખલ થયેલ જે રેવન્યુ રેકર્ડના ઉતારા આ કામે નિ.૩/૧૧ તથા નિ.૩/૧૨ થી રજુ છે તે ધ્યાને લેતાં જણાય છે. વધુમાં જણાવે છે કે સદરહુ હુકમ આધારે દાવાવાળી જમીન હાલમાં એકમાત્ર વાદીના સ્વતંત્ર નામે ચાલે છે અને સદરહુ જમીન ઉપર વાદીએ ખેતીના વિકાસ માટ બેંક લોન લીધેલ છે અને સરકારશ્રીના આજદિન સુધીના તમામ વેરાઓ વાદી ભરતા આવેલ છે. વાદી છેલ્લા ૩૨ વર્ષ ઉપરાંતથી દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ શાંત કબજો ભોગવટો ધરાવતા આવેલ છે અને તેમાં સીઝન વાર પાક ઉપજ લેતાં આવેલ

છે અને ચાલુ ચાલે વરસાદની સીઝન હોઇ વાદી પોતાની માલીકીની જમીનમાં તા.૧૨/૭/૧૭ ના રોજ ખેતી કામ કરવા ટ્રેકટર લઇને ખેડવા જતાં આ કામના પ્રતિવાદીઓએ એકદમ ઉશ્કેરાઇ જઇ કહેવા લાગેલ કે આ જમીનમાંથી તારુ ટ્રેકટર લઇ જા, આ જમીન અમારી છે તારે ખેડવાની નથી કે પાણી પણ પાવાનુ નથી અને વાદીએ જે પાઇપ લાઇન નાંખેલ હતી તે પણ પ્રતિવાદીઓએ તોડી નાંખેલ તેમજ પ્રતિવાદીઓએ એકસંપ થઇ ગાળો બોલી વાદી તથા તેમના પતિને અહી થી જતા રહો આ જમીન તમારે ખેડવાની નથી જો ખેડવા આવશો તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકીઓ આપેલ અને તે રીતે પ્રતિવાદીઓ વાદીના કબજાની જમીન જબરજસ્તી થી પડાવી લેવા કોશીષ કરી રહેલ હોય હાલનો આ દાવો લાવેલ છે. આ કામે દાવાવાળી જમીન હાલમાં એકમાત્ર વાદીના સ્વતંત્ર નામે ચાલે છે જેમાં પ્ર તિવાદીઓનુ કોઇ નામ નથી કે આ કામે પ્રતિવાદીઓ ધ્વારા પણ દાવાવાળી જમીન તેમની માલીકી કબજા ભોગવટામાં આવેલ હોય તે બતાવતો કોઇજ પુરાવો રજુ નથી. આ કામે પ્ર તિવાદીઓ ધ્વારા જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે વંચાણે લેતાં દાવાવાળી જમીન તેઓની આવેલ હોવાનુ જણાય છે પરંતુ સદરહુ રજુ કરેલ નકલો જુની છે. વધુમાં સદરહુ જમીન આશરે ૩૨ વર્ષ અગાઉ મોઢાના કરારથી વાદીને વેચાણ આપેલ અને તે અંગેનો કેસ ચાલી જતાં તા.૧૮/૧૨/૮૬ ના રોજ વાદીના લાભમાં હુકમ થયેલ ત્યારથી દાવાવાળી જમીન વાદીના સ્વતંત્ર કબજા ભોગવટામાં આવેલ છે. આમ આ કામે વાદી તરફે સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં દાવાવાળી જમીન પ્રતિવાદીઓના માલીકી કબજામાં આવેલ નથી કે તેમનો કોઇ લાગ ભાગ કે કબજો ભોગવટો આવેલ નથી અને એકમાત્ર વાદીના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલ હોવાનુ જણાય છે. આ કામના પ્રતિવાદીઓને દાવાવાળી જમીનમાં કાંઇ લ ેવા દેવા નથી તેમછતાં પ્રતિવાદીઓ દાવાવાળી જમીન જબરજસ્તી થી પડાવી લેવા માંગતા હોય ગાળો બોલી, જમીન પડાવી લેવા ધમકીઓ આપેલ હોય વાદીએ પોતાની મિલકતનુ રક્ષણ કરવા અને પ્રતિવાદીઓને તેમ કરતાં અટકાવવા હાલની અરજી કરેલ હોવાની અને માંગ્યા મુજબનો મનાઇ હુકમ મંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, મનાઇ હુકમ આપવાથી પ્રતિવાદીઓને કોઇ નુકસાન જાય તેમ નથી, કારણ કે દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કોઇ હકક–હિસ્સો આવેલ નથી. દાવાવાળી જમીનમાં સ્થળ ઉપર પણ એકમાત્ર વાદીનો કબજો ભોગવટો હોય ત્યારે સગવડતા અગવડતાનું પલ્લુ તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં છે. જેથી માંગ્યા મુજબ મનાઇ હુકમ આપવા માંગણી કરેલ છે.

(૧૦) આ કામે પ્રતિવાદીઓના વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, દાવાવાળી જમીન પ્રતિવાદીઓની એકલાની માલીકીની આવેલ અને તે જમીન સને ૧૯૭૭ માં ખુમાનભાઇ વિરાભાઇ સંગાડાને ગીરવે આપતાં તે અંગેની રેકર્ડે નોંધ નં.૩૦૭૦ ની પડેલ જે રેકર્ડે પડેલ નોંધ નિ.૧૨/૧ થી રજુ ૭/૧૨ ની નકલ ધ્યાને લેતાં જણાય છે. વધુમાં જણાવે છે કે વાદી સદરહુ સર્વે નં.૭૮૭/૨ વાળી જમીન વેચાણ આપેલ હોવાનુ જણાવે છે પરંતુ આ કામે વાદી

જણાવે છે તેવા સર્વે નં.૭૮૭ ના સ્થળે કોઇજ હિસ્સા પડેલ નથી જે સર્વે નં.૭૮૭ નો નકશો તથા ગામ તળનો નકશો આ કામે નિ.૧૨/૩ તથા નિ.૧૨/૪ થી રજુ છે તે ધ્યાને લેતાં જણાય છે. વધુમાં જણાવે છે કે આ કામના વાદીને કહેવાતી કોઇજ જમીન વેચાણ આપેલ નથી, પરંતુ વાદીના પતિ વિરસીગભાઇ કાળુભાઇ નિનામા કે જે નાય બ મામલતદાર તરીકે નોકરી કરતા હોવાથી દાવાવાળી જમીન ખુમાન વિરાને ગીરોથી આપેલ તે ગીરોના નાણાં પરત આપી જમીન છોડાવતાં દાવાવાળી જમીનમાં જે બોજાની નોંધ પડેલ તે રદ કરાવવા સારૂ આ વિરસીગભાઇની સલાહ લેવા ગયેલ ત્યારે તેઓએ જરૂરી કાગળો કરવાનુ જણાવી પ્ર તિવાદીઓના તૈયાર કાગળોમાં અંગુઠા લીધેલ અને તે રીતે દાવાવાળી જમીનના ખોટા કાગળો ઉભા કરી પ્રતિવાદીઓ સાથે દગો, ફ્રોડ કરી દાવાવાળી જમીન તેમના પત્ની એટલે કે હાલના વાદીના નામે ખોટી રીતે કરાવી દીધેલ છે. આ કામના વાદીને દાવાવાળી જમીન કયારેય વેચાણ આપેલ નથી કે તેનો કબજો પણ વાદીને સોંપેલ નથી કે વાદી દાવાવાળી જમીનમાં કયારેય ખેતી કરવા પણ આવેલ નથી અને સ્થળ ઉપર એકમાત્ર પ્રતિવાદીઓનો કબજો ભોગવટો આવેલ છે. વધુમાં જણાવે છે કે દાવાવાળી જમીનમાં વાદીનો કબજો ભોગવટો આવેલ હોય તે બતાવવા સારૂ આ કામે વાદી તરફે કોઇજ આધાર પુરાવો રજુ કરેલ નથી કે કોર્ટ કમિશનરશ્રી મારફતે સ્થળ પંચકયાસ તથા નકશો તૈયાર કરાવી પોતાનો કબજો ભોગવટો રેકર્ડ પર પ્રસ્થાપિત કરેલ નથી. જયારે પ્રતિવાદી તરફે નિ.૧૨/૫, ૧૨/૬ તથા ૧૨/૭ થી ત્રાહિત ઇસમોના નામદાર કોર્ટ રૂબરૂના સોગંદનામા રજુ થયેલ છે તે ધ્યાને લેતાં દાવાવાળી જમીનમાં વાદી કયારેય ખેતી કરવા આવેલ નથી અને એકમાત્ર પ્રતિવાદીઓનો કબજો ભોગવટો આવેલ હોવાનુ જણાય આવે છે. વધુમાં જણાવે છે કે વાદીને દાવો દાખલ કરવા માટેનુ કોઇ કારણ ઉપસ્થિત થયેલ નથી. દાવાવાળી જમીનમાં સ્થળ ઉપર વાદીનો કબજો ભોગવટો આવેલ હોય તો તે બતાવવા આ કામે વાદી તરફે કોઇ આધાર પુરાવો રજુ કરેલ નથી અને એકમાત્ર રેવન્યુ રેકર્ડે તેમનુ એકલાનુ નામ દાખલ થયેલ હોય તેનો ગેરલાભ લેવા અને નામદાર કોર્ટની સહાનુભૂતી મેળવવા હાલની આ ખોટી અરજી કરેલ છે. વાદીનો કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી સગવડતા અગવડતાનુ ધોરણ પણ વાદીના લાભમાં ન હોઇ અરજી ખર્ચ સહ રદ કરવા રજુઆત કરેલ છે.

(૧૧) હવે આ કામે વાદી તથા પ્રતિવાદી તરફેની દલીલો તથા રજુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ કામે દાવાવાળો સર્વે નં.૭૮૭ (જુનો સર્વે નં.૭૪૩) આ કામના પ્રતિવાદીઓનો આવેલ હોવાનુ આ કામે પ્રતિવાદી તરફે નિ.૧૨/૧ તથા નિ.૧૨/૨ થી ગામ નમુના નં.૭ અને ૧૨ ની રજુ નકલો ધ્યાને લેતાં જણાય છે. વધુમાં સદરહુ નકલો ધ્યાને લેતાં સને ૧૯૬૭–૬૮ થી સને ૧૯૮૫–૮૬ સુધી પ્રતિવાદીઓ તેમાં ખેતી કરતા આવેલ હોવાનુ જણાય છે. જયારે વાદી તરફેની રજુઆત મુજબ સદરહુ સર્વે નં.૭૮૭ પૈકીની હે.આરે.ચો.મી.૨.૪૨.૦૦ વાળી જમીન પ્રતિવાદી તથા તેમના વડવાઓ પાસેથી આશરે ૩૨ વર્ષ અગાઉ મોંઢાના કરારથી વેચાણ રાખેલ અને તે અંગેનો એલ.એન.ડી.૮ માં કેસ કરતાં સદરહુ કેસ નાય બ કલ

ેકટરશ્રી, દાહોદ સમક્ષ ચાલવા આવતાં તે કામે નાય બ કલેકટરશ્રીએ પક્ષકારોને નોટિસ કરેલ જે નિ.૩/૫ થી વાદી તરફે રજુ નકલ ધ્યાને લેતાં જણાય છે અને સદરહુ કેસના કામે નાય બ કલેકટરશ્રીએ પોતાની રૂબરૂ જમીન વેચાણ આપનાર તરીકે પ્રતિવાદી નં.૧ તથા ૩ ના વડીલના જવાબ લીધેલ જે જવાબમાં તેઓએ દાવાવાળી જમીન મોંઢાના કરારથી વાદી રસીલાબેનને વેચાણ આપેલ હોવાનુ કબુલ રાખેલ છે જે જવાબ આ કામે નિ.૩/૬ થી રજુ છે તે ધ્યાને લેતાં જણાય છે. વધુમાં સદરહુ કેસ નાય બ કલેકટરશ્રી, દાહોદ સમક્ષ ચાલી જતાં તા.૧૮/૧૨/૧૯૮૬ ના રોજ વાદીની તરફેણમાં હુકમ થયેલ જે હુકમ આ કામે નિ.૩/૮ થી રજુ છે જે વંચાણે લેતાં વાદી તથા પ્રતિવાદી વચ્ચે થયેલ વેચાણ અંગેનો વ્યવહાર શરતોને આધિન મંજુર રાખવામાં આવેલ છે અને સદરહુ હુકમ આધારે દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે વાદીનુ નામ દાખલ કરતી નોંધ નં.૩૫૧૪ પાડવામાં આવેલ જે નિ.૩/૧૦ થી રજુ હકકપત્રકની નકલ ધ્યાને લેતાં જણાય છે અને તે નોંધ આધારે દાવાવાળી જમીનના ૭/૧૨ તથા ૮/અ માં વાદીનું નામ દાખલ થયેલ હોવાનુ નિ.૩/૧૧ તથા નિ.૩/૧૨ થી રજુ રેવન્યુ રેકર્ડની નકલો ધ્યાને લેતાં જણાય છે. આમ વાદી તથા પ્રતિવાદી તરફે રજુ સમગ્ર દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં દાવાવાળો રે.સ.નં.૭૮૭ ક્ષેત્રફળ હે.૦૪.૦૭.૭૨ વાળો મુળ પ્રતિવાદીઓનો આવેલ, પરંતુ તે પૈકીની હે.૨.૪૨.૦૦ જમીન પ્રતિવાદીઓએ વાદીને વેચાણ આપેલ હોવાનુ જણાય છે. વધુમાં આ કામના પ્રતિવાદી તરફે દાવાવાળા રે.સ.નં.૭૮૭ ના કોઇ ભાગ પડેલ ન હોય તેમછતાં વાદી કહેવાતો દાવો રે.સ.નં.૭૮૭/ પૈકી ૨ વાળી જમીન માટે લાવેલ હોય જે ચાલવા પાત્ર ન હોવાનુ જણાવે છે પરંતુ આ કામે પ્રતિવાદીએ પોતાના આંક–૧૧ ના લેખિત જવાબના પેરા–૯ માં કબુલ રાખેલ છે કે સદરહુ રે.સ.નં.૭૮૭/૨ તથા ૭૮૭/૧ નો કબજો ભોગવટો દાવો કર્યો તે અગાઉથી પ્રતિવાદી ધારણ કરે છે તે હકીકત ધ્યાને લેતાં પ્રતિવાદી પોતે આડકતરી રીતે કબુલ કરે છે કે રે.સ.નં.૭૮૭/૨ તથા ૭૮૭/૧ એવા બે હિસ્સા આવેલ છે ત્યારે પ્રતિવાદીઓ તરફેની રે.સ.નં.૭૮૭ ના હિસ્સા આવેલ નથી તેવી હકીકત માની શકાય તેમ નથી. વધુમાં પ્રતિવાદીઓની રજુઆત મુજબ દાવાવાળી જમીનમાં વાદીનો કોઇ કબજો આવેલ નથી કે તેમાં વાદીએ કયારેય ખેતી કરેલ નથી અને એકમાત્ર પ્રતિવાદીઓ તેમાં કબજો ભોગવટો ધરાવી ખેતી કરી ઉપજ મેળવતા આવેલ છે અને તે બતાવવા આ કામે પ્રતિવાદી તરફે નિ.૧૨/૫ થી નિ.૧૨/૭ સુધીના ત્રાહિત ઇસમો (૧) મંગળાભાઇ ભીમાભાઇ હઠીલા, (૨) ગોરધનભાઇ બદીયાભાઇ નિનામા તથા (૩) મંગળાભાઇ દલાભાઇ નિનામા વિગેરેના અત્રેની કોર્ટ રૂબરૂનાં સોગંદનામાં રજુ કરેલ છે. જે ત્રાહિત ઇસમોના સોગંદનામાં વંચાણે લેતાં તેમાં તેઓએ વાદીને કયારેય જોયેલ નથી કે ઓળખતા નથી કે આ જમીનમાં વાદી કયારેય ખેતી કરવા આવેલ નથી અને એકમાત્ર પ્રતિવાદીઓ તેમાં દર વર્ષે ખેતી કરી પાક ઉપજ લેતાં આવેલ હોવાનુ જણાવે છે.પરંતુ આ કામે જયારે દાવાવાળી જમીન પ્રતિવાદીઓએ વાદીને વેચાણ આપેલ હોય અને તે અંગેનો કેસ નાય બ કલેકટરશ્રી, દાહોદ એલ.એન.ડી.૮ સમક્ષ ચાલી ગયેલ અને તે કેસના કામે વાદી પ્રતિવાદીના જવાબ આધારે દાવાવાળી જમીન અંગે મોઢાના કરારથી કરેલ વેચાણ મંજુર રાખવામાં આવેલ હોય અને તે આધારે વાદીનું નામ દાવાવાળી

જમીનના રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ હોય ત્યારે એકમાત્ર ત્રાહિત ઇસમો કોઇ પણ વ્યકિતની તરફેણમાં સોગંદનામુ કરી કોઇ હકીકત જાહેર કરે તેનાથી કોઇનો માલિકી કબજો છીનવાઇ જતો નથી. જેથી એકમાત્ર ત્રાહિતના સોગંદનામાં આધારે દાવાવાળી જમીન વાદીએ કયારેય ખેડેલ નથી કે વાદીનો કબજો નથી અને દાવાવાળી જમીનમાં એકમાત્ર પ્રતિવાદીઓનો કબજો ભોગવટો આવેલ છે તે હકીકત માની શકાય તેમ નથી. આ કામે પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે વાદીનુ નામ ચાલતુ હોવાનુ કબુલ રાખેલ છે. જયારે દાવાવાળી જમીન વાદીને વેચાણ આપેલ નથી તે બાબતે કોઇ પુરાવો પ્રતિવાદીઓ તરફે આ કામે રજુ નથી કે આ કામે નાય બ કલેકટરશ્રીએ એલ.એન.ડી.૮ સમક્ષ ચાલેલ કેસના કામે થયેલ હુકમ સામે અપીલ/રીવીઝન કરેલ હોય કે સદરહુ હુકમ રદ થયેલ હોય તેવી પણ કોઇ હકીકત પ્ર તિવાદી જણાવતા નથી. વધુમાં આ કામે પ્રતિવાદી તરફે નિ.૧૬/૧, નિ.૧૬/૨ તથા નિ.૧ ૬/૩ થી નિ.૧૬/૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે ધ્યાને લેતાં ઘરવેરો ભર્યાની પહોંચો તથા જમીન ખેડતા હોવાના ફોટોગ્રાફ જણાય છે પરંતુ સદરહુ ફોટો ગ્રાફસ તથા વેરાની પાવતીઓ ધ્યાને લેતાં દાવાવાળા સર્વે નંબરમાં આવેલ મકાનની હોવાનુ કે તેમાં ખેતી કરતા હોવાનુ માની શકાય તેમ નથી કારણ કે દાવાવાળો સમગ્ર સર્વે નંબર જોવામાં આવેતો તેનુ કુલ ક્ષેત્રફળ હે.૦૪.૦૭.૭૨ હોય અને તેમાંથી હે.૨.૪૨.૦૦ વાળી જમીન વાદીને વેચાણ આપેલ હોય ત્યારે સદરહુ સર્વે નંબર પૈકીની બાકીની જમીન પ્રતિવાદીઓ પાસે હોય ત્યારે તેમાં પ્ર તિવાદીઓ ખેતી કરતા હોય અને તેમાં પોતાનુ રહેણાંકનુ મકાન ધરાવતા હોઇ શકે. આમ આ કામે રજુ રેકર્ડ વંચાણે લેતાં રે.સર્વે નં.૭૮૭/પૈકી ૨ હાલના વાદીના એકલાની માલિકીનો આવેલ હોવાનુ જણાઇ આવે છે અને વાદીએ પોતાની જમીન પ્રતિવાદીઓએ પડાવી લેવાની ધમકીઓ આપેલ હોય અને જમીન પડાવી લે તેમ હોવાની દહેશત વ્યકત કરેલ છે. સદરહુ કામે રજુ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં રે.સર્વે નં.૭૮૭/પૈકી ૨ વાળી જમીનમાં હાલના વાદીનુ હીત સમાયેલ છે. જયારે પ્રતિવાદીઓએ દાવાવાળા સર્વે નંબરમાં પોતાનુ કોઇ હિત આવેલ હોય તે બતાવી શકેલ નથી અને એકમાત્ર તેઓ બાપદાદાના વખતથી દાવાવાળા સર્વે નંબરમાં કબજો ભોગવટો ધરાવી ખેતી કરતા આવેલ હોવાનુ જણાવે છે તે હકીકત માની શકાય તેમ નથી, કારણ કે આ કામે દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કબજો આવેલ હોય અને તેમાં ખેતી કરી ઉપજ મેળવતા હોય તેવો કોઇ જ આધાર પુરાવો આ કામે રેકર્ડ ઉપર પ્રતિવાદીઓ તરફે રજુ નથી તે સંજોગોમાં દાવાવાળી મિલકત પરત્વે પ્રતિવાદીઓનો નહી, પરંતુ વાદીનો પ્ર થમ દર્શનીય કેસ જણાય છે. આ કામે વાદી દાવાવાળા સર્વે નંબરના માલિક અને કબજેદાર હોય અને પ્રતિવાદીઓનું કોઇ હિત, હકક હોય તેવો કોઇ પુરાવો રજુ થયેલ નથી તે સંજોગોમાં દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીઓનું કોઇ હિત, હકક છે તે માની શકાય નહી. જયારે માલિકી કબજો વાદીનો છે તે સંજોગોમાં ન્યાયનું સગવડતા અગવડતાનું પલ્લું પણ વાદીના પક્ષે છે. રેકર્ડ ઉપરના પુરાવાથી જણાય છે કે વાદીને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો પ્રતિવાદીઓ વાદીની કિંમતી જમીન પડાવી લે તો વાદીનો કાયદેસરનો હકક માર્યો જાય અને તેઓને નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકસાન થાય તેમ છે અને પ્રતિવાદીઓનું કોઇ

હિત, હકક રેકર્ડ ઉપરથી જણાતું ન હોય પ્રતિવાદીપક્ષને કોઈ નુકસાન થાય તેમ જણાતું નથી. આમ તમામ સંજોગો જોતાં હાલની અરજી ગ્રાહય રાખવાપાત્ર હોય ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ ના જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરૂ છું.

મુદ્દા નં.૪ :–

(૧૨) આ કામે ઉપરોકત હકીકતે વિગતે મુદ્દા નં.૧ થી ૩ ના પરીણામ સ્વરૂપ, મુદ્દાનં.૪ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

–: હુ ક મ :–

વાદીની હાલની આંક–૫ ની અરજી મંજુર કરવામા આવે છે. વધુમાં તેવો આદેશ કરવામાં આવે છે કે, દાવાવાળી મિલ્કત કે જે મોજે ગામ કારઠ મુકામે રે.સ.નં.૭૮૭/પૈકી ૨ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૨.૪૨.૦૦ વાળી આવેલ છે તે જમીનમાં આ કામના પ્રતિવાદીઓએ જાતે કે તેમના મળતિયા મારફતે પ્રવેશ કરે કરાવે નહી કે વાદીનો કબજો છીનવી લે લેવડાવે નહી કે વાદીને યેનકેન પ્રકારે સદર જમીનમાં આવતાં જતા હેરાન પરેશાન કરે કરાવે નહી તેમજ વાદીને સદરહુ જમીનમાં ખેતી કામ કરતાં કે સીઝનવાર પાક લેતાં હેલો હરકત કે અટકાવ કરે કરાવે નહી તેવો હુકમ દાવાના આખરી નિકાલ સુધી વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવે છે.

આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તા.૧૨મી,માહે જાન્યુઆરી, સને–૨૦૧૮ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૨/૦૧/૨૦૧૮.
મું.ઝાલોદ.

(મહેશ ચીમનલાલપટેલ)
એડિશન સીવીલજજ,
ઝાલોદ.
[GJ 01199]